## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

સમયને માણવાની આવી બીજી તક નહીં આવે,
નિરાંતે બેસજો, અહીંયા સમયપત્રક નહીં આવે.
અમે એ છાવણીમાં જઈ અણી તોડી જ નાખી છે,
હવે દુશ્મન તરફથી તીર બહુ વેધક નહીં આવે.
ગડી વાળીને એને આપના ગજવામાં મૂકી દો,
સલાહો આપની બિલકુલ મને માફક નહીં આવે.

- કિરણસિંહ ચૌહાણ

### પાથેય

- રમેશ ઠક્કર

## સંતોષનું સમયપત્રક...

કોઇ કામ સમાપ્ત કર્યા પછીની જે હોવા હોય છે એમાં દેખીતી રીતે એક સંતોષ હોય છે.ક્યારેક એમાં વસવસો કે વલોપાત પણ ભરેલો હોય છે..આપણે મન મૂકીને જીવતા નથી..પૈસા વાપરવાનો કસબ શીખતો માણસ સમયને કઇ રીતે વાપરવો એ વિષયને ભૂલી જાય છે..આ ભુલભુલામણી જ કદાચ એક અતૃપ્તિ માટેનું કારણ બની જાય છે..સમયના સદુપયોગ માટે દુન્યવી પ્રાપ્તિઓ માટે સમયપત્રક હોઇ શકે..સમયની મજા લેવી હોય તો બિન્દાસ રીતે ફક્ત જીવતા રહો..સંતોષનું ટાઇમટેબલ જરીક અટપટું છે..એમાં બધું ક્રમશઃ ,જ નથી ચાલતું ક્યારેક આડા ઉભા આંકડાઓ પણ મજેદાર બની જાય છે..

ઘણીવાર આપણે કોઇક સમસ્યાના ઉકેલને બાહ્ય લેપ આપતા રહીએ છીએ..ના રહેગા બાંસ ઔર ના રહેગી બાંસુરી એવા ઉકેલો સેઝૌઆ નથી..જગતમાં જે નફરત કે ધિક્કારની ધાર છે એને સ્નેહના સંસારથી જો સહ્ય બનાવી નાખીએ તો કવિ કહે છે એમ બુઠ્ઠા કરેલા તીરનો પછી ભય નથી રહેતો ! એ માટેની શરત છે દુશ્મનની છાવણી સુધી જઈ એના ભાથામાં રહેલા તીરની અણીને નકામી બનાવી દેવી..આ માટે સ્નેહનો લેપ જરૂરી છે..પ્રતિકો થકી જીવનનું રહસ્ય સહજ રીતે સમજાઇ જાય છે..

જગત કેવું હોય છે ? એનો અનુભવ સહુ કોઇને થતો રહે છે. પન્નાલાલ પટેલની વાર્તામાં એક પાત્ર કહે છે એમ " દુનિયાનું લોક તો બે ધારી તલવાર જેવું છે..જતાં પણ વ્હેરે અને આવતાં પણ વ્હેરે !" તમે જો શાંત છો તો કહેશે તમે કાયર છો..તમે આક્રમક બનશે તો કહેશે કે તમે માથાભારે છો..! દરેક માણસના મનમાં સલાહનું એટલું બધું ભાથું ભરેલું હોય છે કે એ સતત એને વહેંચ્યા જ કરે છે..તમે જો કોઈકની આગળ જરીક વ્યથા રજૂ કરો તો પ્રથમ એ થોડીક સહાનુભૂતિ દર્શાવશે અને જયારે આપવાનુ થશે તો ફક્ત સલાહ જ આપશે ! સતત સલાહની સુરાવલીઓ પાછો આવતો ઉપહાસ અને સામેની વ્યકિતની નિષ્ફળતા માટેનો છૂપો આનંદ જ રહેલો હોય છે.અને એટલે જ મુસીબતમાં ફસાયેલો માણસ હાથ જોડીને કહેતો હોય છે કે મને માફ કરો મારે તમારી કોઇ સલાહની જરૂર નથી..!બીજાને માટે સતત કશુંક કહેવા તત્પર માણસ જો પોતાના એ ઉપાયોનું પોટલું કે ગડી વાળીને જો પોતાની પાસે જ રાખે તો કદાચ એ વધારે ઉપયોગી થઈ શકે..બીજાને સલાહ આપવાની ખુલ્લી જેમ ખંજવાળીએ એમ વધુને વધુ તીવ્ર બનતી હોય છે !

# રાષ્ટ્રપતિ પદે પ્રતિભાશાળી જ શોભે

તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રપતિ જેવા સર્વોચ્ચ પદની ચૂંટણી માટે ઉમેદવારી કરવાની તારીખ વચ્ચે માંડ અઠવાડિયું પણ બચ્યું નથી છતાં નથી એમાં મીડિયાને ઝાઝો રસ કે નથી પ્રજાને. રાજકીય પાર્ટીઓ માટે આ કેવળ એક ઔપચારિકતા છે જે પાર પાડવા માટે તેઓ ચર્ચા વિચારણા ચલાવી ચલાવી રહ્યા છે. સૌથી વદુ સક્રિયતા દાખવતાં બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીને વિપક્ષોએ ધાર્ય સધિયારો આપ્યો નથી. એમણે વિપક્ષના નેતાઓની બેટક બોલાવી એમાં પણ સીતારામ યેચુરી અને ડી.રાજા જેવા ડાબેરી નેતાઓએ વાંધાવચકા કાઢ્યા હતા. જેમ તેમ બેઠક તો મળી પણ એમાં કોઈ નામ નકકી ન થઈ શક્યું. શરદ પવારે સ્પષ્ટ શબ્દોમાં ઈનકાર કર્યો કે હવે આ ઉંમરે સામે ચોખ્ખી હાર દેખાતી હોય એવી ચૂંટણીમાં ઊભા રહી ઈજ્જત બગાડવી નથી. બીજા બે વિકલ્પો વિચારાયા તે ગાંધીજીના પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધી અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી ફારુખ અબ્દુલ્લાએ પણ હાથ જોડી દીધા. બેઉ પ્રતિભાશાળી મહાનુભાવો છે અને બેઉની પોતપોતાની વિશેષ ઓળખ છે. મૂળે આ ચૂંટણી લડીને નિશ્ચિત રીતે હારવાનું જ હોય તો બહેતર છે કે એથી દૂર રહેવું એવા અભિગમ સાથે કોઈ વિપક્ષનો ઉમેદવાર થવા તૈયાર નથી. મતોની અટપટી ગણિતકથા અહીં માંડવી યોગ્ય નથી. પણ તેલંગાણાના મુખ્યમંત્રી કેસીઆર, તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલીન કે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેનો અભિગમ શરૂઆતમાં ઉત્સાહપૂર્ણ હતો તે હવે દરિયામાં આવતી ઓટની જેમ શાંત પડી જવા પામ્યો છે. લગભગ બધા જ વિપક્ષી નેતાઓએ હથિયાર હેઠાં મૂકી દીધાં છે. કારણ કે વિપશ્રી ઉમેદવાર બની બલિના બકરાનું બહુમાન જ મળે એમ છે એની બધાને પ્રતીતિ થઈ ચૂકી છે. તેમ છતાં ભાગ્યે જ રાષ્ટ્રપતિ પદ માટે સર્વસંમતિ સધાઈ શકશે. નહીંતર ડૉ. કરણસિંહના નામ પર વિપક્ષો તરત જ સહમત થઈ શકે. આ સંજોગોમાં શાસક પાર્ટી પાસે આગામી લોકસભાની ચૂંટણીમાં વટાવી શકાય એવાં સમીકરણ માંડી રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ માટેના નામો પસંદ કરવાની ખુલ્લી મોકળાશ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના ઈનોવેટિવ આઈડિયાઝ સંદર્ભે જાણીતા છે. કોથળામાંથી બિલાડું શું, વાઘનું બચ્ચું પણ કાઢી બતાવી વિપક્ષી નેતાઓને આશ્ચર્ય અને આઘાતની સ્થિતિમાં મૂકી શકે છે. એમની પાસે મહિલા, આદિવાસી અને લઘુમતિ ઉપરાંત પ્રાદેશિકતાની રૂએ દક્ષિણ ભારતના રાષ્ટ્રપતિના વિકલ્પો છે. મહિલાઓમાં ત્રણ નામો ચાલી રહ્યા છે એમાં અનસૂયા કે દ્રૌપદી મુર્મુ કરતાં આનંદીબેન પટેલ વધુ જાણીતાં છે. ગુજરાતી હોવાનું એમને નડી શકે છે - કારણ કે રાષ્ટ્રપતિ બની જાય તો દેશમાં ત્રણે મુખ્ય સુકાની ગુજરાતી હોવાનો મુદ્દો આગામી ચૂંટણી વખતે વિપક્ષ ચગાવી શકે. રાષ્ટ્રપતિ માટે વર્તમાન ઉપરાષ્ટ્રપતિ વેંકેયાનાયડુ જેવા શાંત અને સૌમ્ય દક્ષિણ ભારતીય નેતાના નામ પર કળશ ઢોળવાથી દક્ષિણ ભારતને દેશનું સર્વોચ્ચ પદ ફરી એકવાર ભાજપના શાસનમાં મળી રહ્યું છે એવો મુદ્દો પાર્ટી માટે અનુકૂળ બની રહે. અગાઉ એપીજે અબ્દુલ કલામને ભાજપના નેતૃત્વ વાળા એનડીએ દ્વારા જ ઉમેદવાર બનાવાયા હતા. એમના ડેપ્યુટી તરીકે કેરળના વર્તમાન ગવર્નરને ઉપરાષ્ટ્રપતિ પદે ચૂંટી કાઢી લઘુમતી સમુદાયને પણ પોઝીટીવ સંકેત આપી શકાય એમ છે. સમીકરણોમાં કયાંય મહિલા અને તે પણ આદિવાસી સમાજની મહિલાને ગોઠવવાનું પણ વિચારાઈ રહ્યું હોય તો એમાં કશું ખોટું નથી. દ્રૌપદી મુર્મુનું નામ એ દષ્ટિએ જરૂર ઊપસી આવે. આ તમામ શક્યતાઓથી પર એક જુદી જ સંભાવના પણ મોદીજીના ફળદ્રુપ મગજમાં રમતી હોય તો નવાઈ નહીં. અમિતાભ બચ્ચન જેવા લોકપ્રિય અભિનેતા અથવા રતન ટાટા જેવા ઉદ્યોગપતિના નામ પર કળશ ઢોળવામાં આવે તો પ્રજાને જરૂર ગમે. જોકે સરવાળે રાષ્ટ્રપતિ હવે શોભાના ગાંઠિયા જેવું બની રહ્યું છે. અમાપ વિશેષાધિકારો ઉપલબ્ધ હોવા છતાં રાષ્ટ્રપતિના હાથ બંધાયેલા જ રહે છે અને એમને કેન્દ્ર સરકારના અણગમતા નિર્ણયો પણ મને-કમને માનવા પડે છે. પ્રતિભાવંત રાષ્ટ્રપતિઓનો તબક્કો જાણે પૂરો થઈ ચૂક્યો છે. રાજેન્દ્ર પ્રસાદ, ડૉ. રાધાકૃષ્ણન અને ડૉ. ઝાકિર હુસૈન પછી મોડે મોડે ભાજપનાં રાજમાં જ છેલ્લે એપીજે અબ્દુલ કમાલ જેવા પ્રચંડ મનોઘટનાશળી રાષ્ટ્રપતિ દેશને મળ્યા હતા તે જરૂર એક ચગળવા જેવી પીપરમીટ બની રહેશે.

# 'બદનામ આશ્રમ'ની બદનામ કથા



મન-રંજન

દ્વનિલ પારેખ

અત્યારે વિવિધ પ્લેટફોર્મ પર ફરી વેબસિરિઝ આવી રહી છે. એમાં મોટાભાગની વેબસિરીઝની સિઝન-૨ કે સિઝન-૩ આવી છે. 'બદનામ આમ્રપાલી'ની ત્રીજી સીઝન આવી તો 'એકથી બેગમ' ની બીજી સીઝન આવી. જેનીફર વીન્ગેર અભિનિત 'કોડ એમ'ની પણ બીજી સીઝન આવી છે. 'અનદેખી'ની પણ બીજી સીઝન આવી છે. અત્યાર સુધી 'આશ્રમ'ની ત્રીજી સીઝનની રાહ જોવાતી હતી એ જ રીતે 'અસુર' 'રાયકર કેસ' અને 'સિટી ઓફ ડ્રીમ્સ' ની આગળની સીઝનની રાહ જોવાઈ રહી છે. નેટ ફિલક્સ પર એકદમ ઓફબીટ વિષય ધરાવતી 'શી'ની પણ બીજી સીઝન આવી ગઈ છે. આ બધી સિરીઝ વચ્ચે વાત 'બદનામ આશ્રમ' સીઝન-૩ની કરવી છે.

પંજાબના ડેરા જથ્થાના ગુરુ સાથે સંકળાયેલ કથા વિશે કાલ્પનિક છે. એવું કહેવામાં આવે છે પણ જે રીતે એની આ ગૂંથણી થઈ છે એ ઈંગિત તો એ જ તરફ કરે છે કે આ સિરીઝ એ બાબા પર આધારિત છે. પ્રકાર ઝા દિગ્દર્શિત આ સિરીઝના ત્રણ ભાગ એટલે કે ગીસ એપિસોડ મેક્સ પર રજૂ થયા છે. બોબી દેઓલ 'બાબા નિરાલા'ની ભૂમિકા ભજવે છે. બોબી દેઓલના કેરિયરની અભિનયની રીતે આ સૌથી સશક્ત ભૂમિકા છે. પ્રથમ સિઝનના અંત સુધી સિરીઝ રસપ્રદ હતી પણ એની બીજી સીઝન એકદમ કંટાળાજનક હતી. આશ્રમના બધા કુકર્મોથી પરિચિત થઈ ગયેલી પમ્મી પહેલવાન સીઝન-૨માં આશ્રમમાંથી પલાયન થઈ જાય છે. એટલે જ વાત સીઝન-૨માં રજૂ થાય છે. એટલે કે એને દસ એપિસોડ સુધી ખેંચવામાં આવે છે.

'બદનામ આશ્રમ-૩માં થોડા નાટ્યાત્મક વળાંકો છે. મુખ્યમંત્રી હુકમસિંહની સાથે જોડાયેલી મિત્ર સોનિયા (ઈશા ગુપ્તા) ને કારણે ગ્લેમર પણ વધે છે અને નાટકીયતા પણ વધે છે. પણ આ સીઝન-૩ના અંતે પણ પમ્મી પહેલાવાન બાબા નિરાલા સુધી પહોંચી શકતી નથી. બાબા નિરાલા હવે 'ભગવાન નિરાલા' છે અને બધું જ કરવા સર્વશક્તિમન છે. એવું માન છે એક દશ્યમાં ભગવાન નિરાલા ખરેખર પમ્મી પહેલવાનને ચાહે છે એવું તાદશ્ય થાય છે. પમ્મીને યાદ કરતા કરતા બાબાની આંખોમમાં ઝળઝળિયા દેખાય છે.

રાજકીય દાવપેંચમાં સુંદરલાલ પણ છે. સુંદરલાલ અને હુકમસિંહની રાજનીતિમાં ધીમે ધીમે બાબા સળગતા દેખાય છે પણ વળાંક ત્યાં આવે છે કે પમ્મીને એના ભાઈ અને પિતાની હત્યા બદલ જેલમાં મોકલવામાં આવે છે. અને સીઝન-૩ પૂરી થાય છે, જે બતાવ છે છે સીઝન-૪ પણ હવે આવશે.

'ગંગાજલ, રાજનીતિ, દાજીલ', 'સત્યાગ્રહ' જેવી ફિલ્મો દ્વારા પોતાની એક અલગ ઓળખ ઊભી કરનાર પ્રકાશ ઝા દિગ્દર્શક તરીકે આ સિરીઝમાં બહુ સામાન્ય રહ્યા છે. એમને કથા ખેંચવામાં જ રસ હોય એવું લાગે છે એટલે એકદમ મંથર ગતિએ સિરીઝ ચાલે છે. હા, મસાલા ફિલ્મોમાં બધાં જ તત્ત્વો એમાં મોજૂદ હોવાને કારણે 'આશ્રમ' લોકપ્રિય થાય એ સ્વાભાવિક છે. આશા રાખીએ કે સિઝન ૪ અંતિમ સિરીઝ હશે !

### દિન મહિમા

● સૂર્યનારાયણ વ્યાસની પુણ્યતિથિ, ભારતની આઝાદીના ચોક્કસ સમયનું મુર્હુત કાઢનાર જ્યોતિષી.

### આજનું ઔષધ

● પાણીમાં ફુદીનાના થોડા પાંદડા નાખીને ઉકાળી લો. રોજ ખાધા પછી આ પાણીનું સેવન કરો. એસીડીટીમાં ફાયદો થશે.

### ખડખડાટ

●શિક્ષક : તો બાળકો સસલા અને કાચબાની વાર્તામાંથી તમે શું શીખ્યા ?

### આજનું વોટ્સએપ

● પોઝીટીવ વિચાર કરનારને કોઈ ઝેર મારી ન શકે. અને નેગેટીવ વિચાર કરનારને કોઈ દવા બચાવી ન શખે!!

# અસર વર્તાય, જે વિત્યું એ જમાનાની આજે પણ જીવનમાં
# કેમ થયું આમ કોસ્યાં કરીએ નસીબ,
# ને અનુભવ હોય અદભૂત એમ પણ બને



એમ પણ બને

પારૂલ અમિત

શું આપણે ભૂતકાળની સારી નરસી અનુભૂતિ માણી રહ્યાં છીએ,કે બસ આમ કેમ થયું એમ કરી નસીબને કોસ્યા કરીએ છીએ.

અમુકવાર લાગ્યાં કરે કે મારી સાથે ખરાબ થયું. પણ આજે વર્તમાન એક બનાવ ના કારણે આનંદદાયી હોય એમ પણ હોય.

એક કવિનો શેર છે કે

'અમારી હક પસ્તી નો અહીં બદલો મળ્યો કેવો,
કદર દાનો યે વર્તે છે હવે તો બેકદર થઇને!"

બસ હમેશાં આપણે ભૂતકાળને વાગોળતાં રહીએ છીએ. જીવનનું ધ્યેય શું છે એ તો જાણતા નથી, પણ મનમાં અનેક પ્રશ્નો ઉદભવતા હોય.

કોઈ કહે કે ભૂતકાળને ભૂલીને આગળ વધો. પણ શું આ શક્ય છે?

જો ભૂતકાળમાં ડોકિયું કરીએ અને જોઇએ કે જે દીવાલ પર હથોડી મારી હતી કોઈની તસવીર ટિંગાડવા એ દીવાલ આજે

તૂટીને ત્યાં જગ્યા થઈ છે, અને એ જગ્યામાં ભવિષ્ય ઉજ્જવળ છે, બીજાં કોઈ સાથે.

તો જે થયું એ સારાં માટે થયું એ માનતા ઘણાં વર્ષો નીકળી ગયાં.

સર્જન હારે દિમાગનું સર્જન સંગ્રહ કરવા માટે કર્યુ છે કે ભૂલી જવા માટે એ આપણે શોધવું રહયું.

નવરા પડીએ અને ક્યારેય એવો વિચાર આવે છે કે કાસ! ભૂતકાળની એ ઘટનામાં જઈ શકતાં હોઈએ અને એમાં કંઇક ફેરફાર કરી શકતા હોય તો કેવું.

પણ! શા માટે આપણે બદલાવ ઇચ્છીએ છીએ.

કારણકે આપણને પરિસ્થતિ મૂજબ ઢળતાં આવડતું નથી. આપણને કોઈએ શીખવ્યું જ નથી.

આપણે ઇતિહાસનો અભ્યાસ કરતા સ્કૂલમાં.. એમાં આપણે ઇતિહાસ જોતાં આ રાજાએ આમ કર્યુ અને આ ઘટના ઈશ. પૂર્વે માં આમ બની,પણ એની પાછળ દુશ્મનો, મિત્રો, નકારાત્મક, સકારાત્મક શું શીખ્યા?

કશું જ નહી માત્ર ઘટના ને વાગોળતાં શીખ્યાં.

આપણે કોઈ અમુક સુખદ અનુભૂતિ બસ માણ્યા કરીએ છીએ અને દુઃખદ ઘટના ઘટી હોય એમાં અમુક ફેરફાર કરી શકીએ તો આજે જીવન કેવું હોય એવી કલ્પના કરી શકીએ છીએ માત્ર.

કહેવાય છે કે ભૂતકાળ જ સારું જીવન જીવતા શીખવે છે. ઘરડાં ઓ કહી ગયા છે કે ભૂતકાળ ભુલી જવામાં મઝા છે. પણ "ભૂતકાળ ભૂલી જવામાં જ કલ્યાણ હોત તો ઇતિહાસ ન રચાયો હોત !

ભૂતકાળમાં ચર્ચાઇ ગઈ હોય એવી ઘટનામાં જવા મળે તો ?

હા જો ટાઈમ ટ્રાવેલીગની ટુર ગોઠવવામાં આવે તો તમે તમારાં કે ઇતિહાસના ક્યા પ્રસંગમાં જવાનું પસંદ કરશો.

ચાલો એક એવી ગેમ રમી લઇએ જેમાં ટ્રાવેલ કરી આવીએ.

લોકો કહે છે ભૂતકાળ ભૂલી જાવ ! પણ મારો વાચકોને પ્રશ્ન છે કે તમારી અંદર ચાલી રહેલી મથામણો, એ ગુંગળામણ , એ વેદનાં , એ હસ્યનો ધ્વનિ એ રુદનના ડૂસકાં આ બધું જો ભૂલી જઈએ તો જીવનના મૂલ્યો અને સિધ્ધાંતો રહે ખરાં?

આપણે ચિંતાઓને રેતી કે શિલાલેખ પર નથી લખતાં , કપાળે લખીએ છીએ.. કારણ આપણે બુદ્ધિશાળી છીએ આપણું ભાગ્ય કપાળે છે આપણે જાણીએ છીએ.

અને આ કપાળ ચૂમાનાર પણ આસપાસ જ હશે એ જાણીએ છીએ.

છતાં ચાલો એકવાર ભૂતકાળ વાગોળીએ.

કંઇ પણ સારી નરસી યાદો.. કોઈએ આપી હોય, જે સારાં માટે જ હતી એવું વિચારી યાદ કરી જોઇએ.

શું ક્યારેક કોઈ આવી વરસાદના બુંદમાં કંઇક કહી જાય છે કોઈ વણ કહ્યા શબ્દો ?

મધરાતના અંધારામાં કોઇ આવીને ડરાવી જાય છે?

કે કોઈ પવનની લહેરખી એના પાલવનો સ્પર્શ આપી જાય છે , શું એનો પડઘમ અવાજ આજે પણ સંભળાય છે.

શું મહાભારતનાં યુદ્ધમાં સાચેજ કૌરવો પાસે અગ્યાર અક્ષૌહિણી સેના હતી.

અર્જુન ગીતા જ્ઞાન પામે છે એ સમયમાં જવાનો મોકો મળે તો?

શું સાચે જ અનારકલીને જીવતી દીવાલમાં જીવતી ચણી હતી?

એવી પણ શંકા દિમાગમાં આંટો મારી જાય છે ?

મિત્રો ભુતકાળ રસપ્રદ અને રહસ્યમય તો જ વર્તમાનમાં મજા આવે ખરું ને?

ચાલો ભુતકાળ માં જઈ અડપલુ કરી આવીએ.

સાંભળ્યું છે કે જે કોઈ સબંધો આપણે જીવી રહ્યાં છીએ એ ઋણાનું બંધ છે.

કર્મ ના ફળ મુજબ જ મળે છે જીંદગીમાં સઘળું

બસ આ સિદ્ધાંતને દિલથી અપનાવાય તો સારું.

આપણું જીવન અનેક રહસ્યોથી ભરેલું છે, રોજ ધાર્યા કરતાં નવા નવા પ્રકરણ ખુલતા રહે છે, અને આપણે એજ ચિંતામાં ભવિષ્યની બધી શકિત ગુમાવી બેસીએ છીએ.

અને ભૂતકાળને હંમેશાં ખરાબ ચીતરીએ છીએ.

જો મહાભારત ના રચાયું હોત તો ગીતા જ્ઞાન મળત ખરું.

કળયુગ માટે આ જ્ઞાન કેટલાં વર્ષો પહેલાં રચાયું. કેટલું પૂર્વ આયોજિત.

છતાં આપણે ભવિષ્યની ચિંતામાં વર્તમાન ગુમાવીએ છીએ.

ઘણીવાર ભૂતકાળના દુઃખો( જે ખરા અર્થમાં દુઃખ હોતા જ નથી) એ આજના આનંદ ઉપર હાવી થતાં હોય છે, એને રોકવા જરૂરી છે. અને એને રોકતા અટકાવવાનો ઉપાય એટલે હાસ્ય.

એ હાસ્ય એટલે જ સુખ.

જીંદગીની સાચી મજા તો આજને સ્નેહથી માણવામાં છે.

ક્યારેક કોઈ છૂપો ભય અંદર રહેલી ખુશીઓને મારી નાખે છે.

સાચી વાત તો એ છે કે જયારે આપણું ધાર્યું નથી થતું ત્યારે આપણે દુઃખી થઇ જઈયે છીએ. અને ધાર્યું કરવામાં આપણે સુખ ભોગવી શકતા નથી.

ચિંતામાં એટલા ગરકાવ હોઈએ છીએ કે આપણે પ્રેમાળ નથી બની શકતા.

આપણે બીજા જેવા બનવા માંગતા હોઈએ છીએ.

પણ રાખો બીજા લોકો આપણા જેવા બનવા માંગતા હોય છે. ખરા અર્થમાં સુખ મેળવવું હોય તો બધા કરતાં અલગ બનવું પડશે, સર્જનાત્મક અને ચિંતા મુક્ત.

મીંડા જેવડી જીંદગી
જાણે વહે ધીમે ધીમે
ને સંવેદના સરેઆમ લૂંટાય
નસીબ ક્યાં હાથમાં ઝલાય
લે કર્યું મેચિંગ સમય સાથે
પૂર્ણવિરામ થોડી મુકાય

આપણે સ્વયં આપણા ભાગ્ય નિર્માતા છીએ આપણે સહુ અહીં પૃથ્વી પર કોઈ વિશિષ્ટ પ્રયોજન માટે આવ્યા છીએ,

અતીતના બંદીવાન બનવાનું બંધ કરો, અને તમાંરા ભાવિ ના નિર્માતા બનો.

સંકટ ગમે તેટલું ભયંકર હશે પણ ઠંડુ મગજ જ સાચો નિર્ણય લેવામાં મદદ કરશે.

આપણા મન રૂપી બગીચાની અંદર શક્તિ અને ક્ષમતા નો ભંડાર છે.

માટે આત્મવિશ્વાસ માટે ઊંડા શ્વાસ લો અને સારું પોઝિટિવ વાંચન કરો.

ભૂતકાળ ના ખરાબ જે આપણે માનતા આવીએ છીએ, એ અનુભવમાં તરવાનું બંધ કરીએ અને કવિતા રૂપી આપણા મનને હલકું કરીએ આ પ્રતીલીપી ના માધ્યમ થી. .

જીવનની દરેક નવી ક્ષણ તાજગી લઇ ને આવે છે.આવો એમાં ડૂબી જઈએ. અને મસ્ત મજાની જિંદગી નો આનંદ માણીએ.

# વામનમાંથી વિરાટની યાત્રા માત્ર દોઢ પગલાંની જ હોય છે...



જાત સાથે વાત

ધર્મેન્દ્ર ત્રિવેદી

કૌન કહેતા હૈ આસમાં મેં સુરાખ નહીં હો સકતા
એક પથ્થર તો તબિયત સે ઉછાલો યારો

- દુષ્યન્તકુમાર

વાત છે વામનમાંથી વિરાટ બનવાની . . . એમ તો સૌને વિરાટ જ જોઈએ છે . . . નબળું કોને જોઈએ છે ? પણ વામનમાંથી વિરાટની યાત્રા આમ ભલે માત્ર દોઢ પગલાંની જ હોય, પરંતુ એ દોઢ પગલા ભરવાની હિંમત કેટલા પાસે હોય છે ? કારણ માત્ર એટલું કે જીનેટિક ડિઝાઈનમાં જે મટીરીયલ મળવું જોઈએ તે સૌ પાસે થોડુ હોય છે ? આજે એક એવા બાળકની વાત કરવી છે જેની શક્તિ તેના પ્રશ્નો અને જિજ્ઞાસાવૃત્તિમાં છુપાયેલી છે.

સન. ૨૦૦૩માં ગાંધીનગરના સેક્ટર ૮માં મારા સરાકારી ક્વાર્ટર પર એક બાળક પુછતું પુછતું પહોંચ્યુ. સાવ દૂબળુ-પાતળું આ શ્યામ બાળક, સહેજ પણ સંકોચ વગર પોતાનો જેવો-તેવો પરીચય આપીને મારી સામે ગોઠવાયું. અને પછી ચાલી વાતો . . . એને જાણવું હતુ સાપ વિશે. ગાંધીનગર સમાચારમાં એ વખતે મારી પ્રવૃત્તિની સ્ટોરીઝ ઘણી આવતી. આ બાળક પહોંચેલું ગાંધીનગર સમાચારની ઓફીસે અને ત્યાંથી મારુ સરનામું મેળવેલું ! આ બાળકની ઉંમરે અમને પોતાને પૈસે લારી પર નાસ્તો કરતા પણ શરમ આવતી, ત્યારે આ બાળકની હિંમત મને સ્પર્શી ગયેલી. એ એક પછી એક પ્રશ્નો પુછતુ જતું, અને હું એની ઉંમર જોઈને તેને સમજાય એવી ભાષામાં જવાબો આપતો. મને ઘણી વાર પ્રતિત થતું કે આ બચ્ચુ મોઢેથી જેટલું બોલે છે, પુછે છે એના કરતાં તેની આંખો વધુ બોલતી હતી. થતું એવું કે હું રહ્યો મૂળે રખડું . . . સાંજે ઓફીસ સમય પતે પછી નાગા-મંડળીની મિટિંગ મળતી. એમાં અમે ઓફીસમાં જે વૃત્તિઓનું દમન કર્યું હોય તેનું વિરેચન કરતાં. ઘણી વાર રાતે ઘરે આવતા આઠ સાડા આઠ વાગે, અને હું ઘરે આવું ત્યારે આ બાળકની સાયકલ નીચે પાર્ક થયેલી હોય અને બાળક મારા ક્વાર્ટરની ગેલેરીમાં હિંચકા પર મારી રાહમાં સાંજે છ વાગ્યાનું ઝુલતું હોય !

સાચું કહું તો ઘણી વાર મને કંટાળો પણ આવી જતો . . . કે યાર . . . પણ એનું એક શરમાળ સ્મિત અને બોલકી આંખો મને પીગળાવી દેતી. એ મારી રાહમાં હોય ત્યારે મારી વાઈફ એને ચા-પાણીનો વિવેક કરતી, પણ એણે કદી અમને કોઈ તકલીફ આપી નહોતી. હું ઘરે ન હોઉં તો એ હંમેશા થોડુ ફરી આવતું, પછી કંટાળે એટલે એ ગેલેરીમાં ઝુલા પર બેસી રહેતું મુંગુ-મુંગુ. પણ મને જોઈને એની વાચા ખુલી જતી. મને યાદ છે કે એ મોડે સુધી બેસી રહેતું અને એના ગયા બાદ હું મોડે જમતો. એને એક બે વાર જમવાનો આગ્રહ પણ કરેલો પણ એ વિવેકપૂર્ણ રીતે હંમેશા ના પાડતું. અમે બેસીએ ત્યારે એના પ્રશ્નોનું ક્ષેત્ર મોટે ભાગે સર્પો અંગેની એની બાળસહજ સમજણ પર આધારિત પ્રશ્નો રહેતા, એકાદવાર મેં બનાવેલી સર્પો અંગેની વેબસાઈટ પણ તેણે આવરી લીધાનું મને યાદ છે. તો શું આ બાળક અને તેના પ્રશ્નોમાં એવું તો શું છે જેના પર લેખ લખવાનું મન થાય ?

આ બાળક અને તેની જિજ્ઞાસા તેને પ્રથમ તો ગુજરાત સરકારની મહેસૂલી નાયબ-ચિટનીસ અને અંતે યુ.પી.એસ.સી. પાસ કરીને સર્વોચ્ચ વહીવટી પોસ્ટ સુધી લઈ ગઈ છે. આજે આ બાળક ભારત સરકારની ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસીઝમાં જોડાઈને અમદાવાદ દૂરદર્શનના ડેપ્યુટી ડાયરેક્ટર પદે ખુબ સુંદર કામગીરી કરી રહ્યું છે. આ ઘટના બે વસ્તુ પ્રતિપાદિત કરે છે . . . પ્રથમ તો જિજ્ઞાસા અને કુતુહલવૃત્તિ જીવન બદલી શકે છે, અને તમારી જિજ્ઞાસા અને જ્ઞાનની ભૂખ ખરેખર તિવ્ર હોય અને દિલથી પ્રયાસ કરો તો

djtrivedi@gmail.com